॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

પ્રેરણાદાયી પત્રાંશ

યોગદા આશ્રમ - રાંચીથી ત્યાંના ઉચ્ચ સાધક
શ્રી રશ્મિકાંત ભટ્ટનો પત્ર

પૂજ્ય યોગભિક્ષુજી મહારાજ,

.... આપનું સ્વાસ્થ્ય ઈશ્વરની કૃપાથી સારું હશે. આ ઉંમરે પણ જગહિતાર્થ તથા જનહિતાર્થ કાર્યની દિવ્ય જ્યોત પ્રગટેલી રાખી રહ્યા છો તે અમારા માટે પ્રેરણાદાયી તો છે જ, સાથે પ્રશંસનીય પણ છે જ. જો કે તેમાં પ્રશંસા + માન + સન્માન ની અપેક્ષા કે ભાવના તો છે જ નહીં. ઓમ્‌પરિવારના બધા જ ભક્તોનાં જીવનમાં સાધનાના દરેક પાસા માટેની સાચી સમજણ ઉત્પન્ન થાય, યોગ્ય સાધના થાય, માયાનું આવરણ તૂટે-છૂટે અને ઈશ્વરાભિમુખી બનાય — તે બધા માટે આપનાં સીધાં-સાદાં, સરળ, ગુજરાતી ભાષામાં અપાયેલ માર્ગદર્શનો-ઉપદેશો ખૂબ જ સચોટ છે. પ્રવર્તમાન કાળ, દેશની પરિસ્થિતિ, શિક્ષણ ક્ષેત્રે ફૂંકાયેલું દેવાળું - વગેરે જોતાં આ ઉપદેશો ખૂબ સમયસરના તથા વ્યવહારુ અને જીવન-પરિવર્તન લાવનારા છે. ઓમ્‌પરિવારના સર્વ ભક્તો આ દિવ્ય ઉપદેશોનું યોગ્ય માત્રામાં પાન કરી પોતાના જીવનને દિવ્યતા તરફ લઈ જાય તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના છે. સાથે જ ઓમ્‌પરિવારના સર્વ ભક્તો-પ્રેમીઓના લાભાર્થે ઈશ્વરની કૃપાથી લાંબો સમય સુધી આપ શરીરમાં જ રહીને સર્વેને માર્ગદર્શન આપતા રહો તેવી પ્રાર્થના છે. લખાણમાં કોઈ ભૂલચૂક હોય તો ક્ષમા કરશો.

.... પ્રથમ મુલાકાતથી જ વહેતી થયેલી આશીર્વાદની ગંગા હંમેશ વહેતી રહેશે જ એવી ભાવના સાથે વિરમું છે.

-:ઓમ્‌ પરિવારના ઉત્સવ :-

તારીખ:- ૨૭-૧૨-૯૮ રવિવાર

સમય :- સવારે ૧૦-૦૦ થી ૩-૦૦ સુધી

સ્થળ :- ''નિર્વિકલ્પ મુક્તિધામ'' નાથાભાઈ પટેલના ખેતરમાં,
મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુકત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જાન્યુઆરી - ફેબ્રુઆરી - માર્ચ (ત્રિમાસિક)

VOL - VIII (98-99) ISSUE - III માનદ્ તંત્રી - મેઘ વ્યાસ

વધુ ગુનેગાર કોણ ?

- યોગભિક્ષુ

અનુભવીઓનું કથન છે કે : "મનુષ્ય માત્ર ભૂલને પાત્ર". પણ જે ભૂલને પાત્ર બનાર વ્યક્તિ પ્રસિદ્ધિ પામેલી હોય, અને વળી તે જો ધાર્મિક ક્ષેત્રની હોય તો તો ખલાસ...! તો તો આવી જ બન્યું...! કોનું આવી બન્યું? એ વ્યક્તિનું તો ખરું જ કે જેનાથી ભૂલ થઈ ગઈ છે, પણ સાથે સાથે સમાજનું અને સમાજનાં નિર્દોષ બાળકોનું પણ આવી જ બન્યું સમજો. "દવ બળતો હોય ત્યાં કોશી તૈયાર જ" (જ્યાં મજબૂરી હોય ત્યાં તેને મદદ કરવાને બદલે તેનો ગેરલાભ ઉઠાવનારા તૈયાર જ) ની જેમ "ભૂલ"ને મીઠું-મરચું ભભરાવીને, ભયંકર રીતે ચગાવીને, રૂપિયાની કોથળીઓ ભરનારા તૈયાર જ બેઠા હોય છે. હાલમાં શ્રી ક્લિન્ટનની ભૂલનું પ્રકરણ ચાલી રહ્યું છે. ભૂતકાળમાં આવાં અનેક પ્રકરણો બની ગયાં છે અને ભવિષ્યકાળમાં પણ બનતાં રહેવાનાં જ. "છીંડીએ ચડ્યો તે ચોર" (પકડાયો તે ચોર)ના જેવી આ વાત છે.

જેનાથી ભૂલ થઈ ગઈ છે, જેનાથી ગુનો થઈ ગયો છે તેને, ગુનો સાબિત થાય એટલે ગુના પ્રમાણે શિક્ષા કરો. બસ, પ્રકરણ પૂરું. પણ ના, એમ નથી બનતું. જો જાતીય-યૌન સંબંધી ભૂલનું-ગુનાનું પ્રકરણ હોય તો તો તકસાધુઓને ચી-ફેળાં. પછી તો તેને ચગાવનારા તેને ચગાવવામાં કાંઈ બાકી રાખે ? પછી તો એ પ્રકરણને એવું ચગાવે, એટલી બધી ઝીણવટભરી વિગતોથી ચગાવે, એટલી નિર્મમતાથી અને અતિશયોક્તિપૂર્વક ચગાવે, એટલી કુશળ બુદ્ધિથી ચગાવે કે બાલની ખાલનીયે ખાલ ઉખાડી નાખે! કામક્રીડા વખતે તેઓ ઊભા હતા કે બેઠા હતા, કે વાંકા હતા કે સીધા હતા; તે વખતે તેમના મુખમાંથી કેવા ધ્વનિઓ અને શબ્દો સરી પડતા હતા, તે વખતે તેમનાં કપડાંની સ્થિતિ કેવી હતી અને ત્યારે તેઓ બીજા ચેનચાળા કેવા અને કેટલા કરતા હતા વગેરે વગેરે વગેરેનાં નિર્લજ્જ, નફ્ફટ અને નવસ્રાં વાર્ણનો એટલાં વિસ્તારપૂર્વક અને પટુતાપૂર્વક આપે કે વાંચનારો પણ ભાન ભૂલી જાય ! વાંચનારો પણ આવો ગુનો કરવા ઉત્તેજિત થઈ જાય ! આવાં ભયંકર ભોગપ્રધાન વાર્ણનો વાંચીને વાચકના મન-મસ્તિષ્કમાં ઊથલપાથલ મચી જાય અને તે વખતે પોતે જ એ બધી બીભત્સ ક્રિયાઓ કરતો હોય એટલો ઉત્તેજિત થઈ જાય, એટલી હદે તે બેભાન બની જાય...!

મૂળ ગુનેગારે તો કોઈ એક સાથે અયોગ્ય વર્તન કર્યું પણ એ અઘટિત પ્રસંગોને-વાર્ણનોને અનેક માધ્યમો-સાધનો દ્વારા સમાજનાં આબાલવૃદ્ધો, સ્ત્રી-પુરુષો સુધી પહોંચાડીને, પહોંચાડનારાઓએ પૂરા સમાજ સાથે, સંપૂર્ણ

વિશ્વ સાથે ગુનાહિત કૃત્ય કર્યું. મૂળ ગુનેગાર મોટો ગુનેગાર કે આ બધા મોટા ગુનેગાર? મોટા ગુનેગારો કેટલી શિક્ષાને પાત્ર ગણાય ?

નિર્વસ્ત્રા-નગ્ન અને કામવાસનાને બહેકાવી દે તેવાં વાર્ણનો સામાન્ય જનસમુદાય સુધી પહોંચાડવાથી સમાજનું ભયંકર અકલ્યાણ થાય છે તેવી સાચી વાત સમાજને કહેનાર કોઈ જાગે નહીં એ પાણ મહા દુઃખદ આશ્ચર્ય અને દુર્ભાગ્યની વાત જ ગાણાય ને ? એમ કહેવાય છે કે "કાયદાના હાથ ખૂબ લાંબા હોય છે." પાણ "લાંબા હાથે" આ બધા માટે કાંઈ શિક્ષાની જોગવાઈ કરી છે ? કે પછી વ્યક્તિ-ગુનેગાર માટે જ "કાયદાનો હાથ લાંબો" છે? કે પછી "છીંડીએ ચડ્યો તે ચોર" તેના માટે જ "લાંબો હાથ" લાંબો થાય છે ? દરેક ગુનેગારને ગુના પ્રમાણે શિક્ષા કરવામાં આવે તો જ કાયદો પક્ષપાતી ન ગાણાય, તો જ કાયદો સાર્થક અને સફળ થયો ગાણાય. જો વાડ જ ચીભડાં ગળવા લાગે તો ચીભડાંના બચવાની કોઈ આશા જ ન રહી. કાયદાની દૃષ્ટિએ સમાજનું અકલ્યાણ જેના દ્વારા થાય તે બધા ગુનેગાર જ ગાણાવા જોઈએ. પછી ભલે તે એક વ્યક્તિ હોય કે અનેક વ્યક્તિઓનું સંગઠન.

કોઈ એક વ્યક્તિના અયોગ્ય વર્તનનાં કામાતુર વાર્ણનો જાહેરમાં પીરસીને અનેકોને એટલી હદે કામાતુર બનાવી દેવા કે તેઓ પાણ, તેવો જ ગુનો કરી બેસે. અને પછી કહેવું કે "તેઓ ગુનેગાર છે, ફાંસીએ ચડાવી દો" તે કેટલું ન્યાયી કહેવાય ? એક માસના ભૂખ્યાને મીઠાઈથી ભરેલા ઓરડામાં પૂરીને પછી કહેવું કે "જો આમાંથી કાંઈ પાણ ખાધું તો ફાંસીએ ચડાવી દઈશું." એની મતલબ તો એ જ થઈને કે તેને ફાંસીએ ચડાવવાનું આપાણે બહાનું ગોતી કાઢ્યું.

ભૂલ કરનાર બંનેએ કામક્રીડા સમયે કોણે કોનું શરીર કેવું, કેટલું અને કેવી રીતે ચૂંથ્યું તેની રજેરજની અમર્યાદ બાતમી વાંચકોને પૂરી પાડવાની, કોઈએ પાણ શું જરૂરત હતી? આવી બાતમી, બાતમી આપનારના કુટુંબો, બાળકો, મિત્રો, સ્નેહીઓ વગેરે સુધી પાણ પહોંચવાની જ, તેઓ બધાં પાણ આ બધું વાંચવાનાં જ. લોકોની કામવૃત્તિની વિવશ કમજોરીઓનો લાભ ઉઠાવવાના લાલચુઓ, રૂપિયા અને સસ્તી પ્રતિષ્ઠાના મોહમાં સ્વજનોનો પાણ ઘાણ કાઢી નાખતા હોય છે, સાવ આંધળા બની જતા હોય છે. ક્યારેક તો એવી શંકા પાણ જાગે છે કે આવું હદ બહારનું નગ્ન ચિતરામાણ જે જે માધ્યમો-સાધનો-સામયિકો-છાપાંઓ વગેરેમાં પ્રગટ થાય છે તેની જવાબદાર વ્યક્તિઓને, પોતાના છાપાંઓમાં આવું બેહૂદું વાર્ણન પ્રગટ થયું છે તેની ખબર હોતી હશે શું ? કારાણકે મન એ માનવા તૈયાર જ નથી થતું કે આવું અતિ વિકારી ચિતરામાણ ચીતરવાની છૂટ જે-તે માધ્યમોની જવાબદાર વ્યક્તિઓ આપે. જવાબદાર વ્યક્તિઓ આટલી હદે આંધળી હોય કે પોતાના પગ પર આવતા કુહાડાને પાણ ન જોઈ શકે એ માનવા મન તૈયાર જ કેવી રીતે થાય ? અને છતાંય આવું બધું રજૂ થાય છે તે હકીકત છે.

આવી સમાજોપયોગી સામગ્રી ("વધુ ગુનેગાર કોણ ?")ને અનેક માધ્યમો દ્વારા પ્રગટ કરીને સમાજ સમક્ષ મૂકવી જોઈએ. આવાં કાર્યો માટે પરમ, પવિત્ર અને સાત્ત્વિક શૂરવીરતાની જરૂરત પડે છે. સમાજમાં હજુ આવા કર્તવ્યસંનિષ્ઠ શૂરવીરો છે જ કે જેના હૃદયમાં વ્યક્તિ-હિત કરતાં સમષ્ટિ-હિતની વધુ ખેવના હોય છે, વધુ મૂલ્ય હોય છે અને તેઓ એટલું સમજવાની ક્ષમતા રાખતા હોય છે કે સમષ્ટિ-કલ્યાણમાં જ વ્યષ્ટિ-કલ્યાણ સમાહિત છે. જેમ અનેકની રસોઈ બનાવનાર રસોઈયાને પોતાની રસોઈ જુદી બનાવવાની જરૂરત નથી પડતી, સૌની રસોઈ સાથે જ તેની પોતાની રસોઈ પાણ બની જ જાય છે.

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

*જેની સંસ્કૃતિની નસેનસ આવા ઉપરોક્ત આદર્શોથી ફાટ-ફાટ થઈ રહી છે તે સમાજના નબીરાઓ ઉપરોક્ત આદર્શની રક્ષા માટે ક્યારે હાકોટો નાખશે ? —

*આદર્શોની દીવાલોને ખોખરી કરનારાઓને ખખડાવીને, ક્યારે તેની ખબર લઈ નાખશે ? —

*મૂલ્યરક્ષાની ભીમ-ભોગળોનો ભાંગીને ભુક્કો બોલાવનારાઓની ભૂલોનો ભુક્કો બોલાવવામાં ભડવીર ભામાશાઓ કોની અને કેટલી રાહ જોશે ? —

* હવે તો બાપલા... જાગો !

* પાઈએ પાઈનો હિસાબ માગો,

* દીર્ઘસૂત્રતા સઘળી ત્યાગો,

* પ્રમાદને હવે મૂકો આઘો.

વ્હાલા મિત્રો....! વીર નરો....! —

*મનની ઢચુપચુમાં જ જોજો, મનની મનમાં ન રહી જાય?!

*આદર્શોની આહલેક જગાવ્યા પહેલાં જ, આયુષ્યદોરી તૂટી ન જાય !

અનુભવીઓની આ વાંણી સદાય કાનમાં ગુંજ્યા કરે છે કે -

રહો ન ભૂલ કે કભી, મદાંધ તુચ્છ વિત્ત મેં ;
સનાથ જાન આપ કો, કરો ન ગર્વ ચિત્ત મેં ;
અનાથ કૌન હૈ યહાં, ત્રિલોકી નાથ સાથ હૈ ;
દયાલુ દીનબંધુ કે, બડે વિશાલ હાથ હૈં ;
અતીવ ભાગ્યહીન હૈ, અધીર ભાવ જો ભરે ;
વહી મનુષ્ય હૈ કિ જો, મનુષ્ય કે લિએ મરે.

પ્રતિષ્ઠિત ગણાતાં માધ્યમોમાં પણ કલ્પનાતીત નગ્ન ચિત્રામણ જોઈને-વાંચીને હૃદય હલબલી ઊઠે છે અને મસ્તક મૂર્છિત થઈ જાય છે. અત્યારે તો જાણે હલકટપણું પ્રગટ કરવાની હરીફાઈ જામી છે ! "પાડે-પાડા બાઝે અને ઝાડનો ખો કાઢે." પણ ઝાડનો શું વાંક? શું નિર્દોષ ઝાડને કોઈ બચાવી જ નહીં શકે ? **શું સમાજના થાંભલા ગણાતા ભદ્ર માનવો એટલા બધા નિર્બળ થઈ ગયા છે? મહાજનોમાં જેમની ગણત્રી થતી હતી તેવા બધા શું મરી પરવાર્યા છે ?** જો સાવધાન નહીં રહીએ તો એવો વખત પણ આવી શકે છે કે જે વધુ હલકટપણું પીરસે તે ઈનામને યોગ્ય અને પ્રશંસાને પાત્ર ગણવા લાગે ! આ માત્ર કલ્પના નથી, ઘણી બાબતોમાં આવું બધું થઈ ચૂકયું છે.

જે માધ્યમો અશ્લીલ-નગ્ન નૃત્યોના તાંડવને ચગાવી-ચગાવીને સામાન્ય જનસમુદાયની વૃત્તિઓને ભયંકર ભૂંડી રીતે ભડકાવીને, લોકોનું અકલ્યાણ કરીને પાપના અને શ્રાપના ભાગીદાર થઈ શકે છે તે જ માધ્યમો ધારે તો આવી ("વધુ ગુનેગાર કોણ ?" વગેરે જેવી) ઉપયોગી સામગ્રીને જનસમુદાય સુધી પહોંચાડીને, લોકોની ઉત્તેજિત વૃત્તિઓને શાંત કરવામાં મદદ કરીને પુણ્યના અને વરદાનના ભાગીદાર પણ થઈ શકે છે અને લોકકલ્યાણનું કાર્ય અતિ સરળતાથી અને વિસ્તાર સહિત કરી શકે છે.

આ લેખમાં જે લેવાવરાળ ઠલવાણી છે, જે વ્યથાને વાચા આપવાનો યથાશક્તિ-મતિ પ્રયત્ન થયેલ છે તે માત્ર કોઈ એક વ્યક્તિની છે એમ માની લેવાની જરૂરત નથી. અનેક વ્યથિત હૃદયોની સીધી-આડકતરી પ્રેરણાઓનો તેને જરૂર સાથ હોઈ શકે. **નિર્લજ્જ રજૂઆત કરનારાઓના હૃદયમંદિરના એક ખૂણામાં પણ આવી વ્યથા કેમ નહીં હોય?** પણ અનુભવીઓ કહે છે ને કે "ઈન્સાન પરિસ્થિતિઓં કા દાસ હૈ." પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેઓ સૌને "પરિસ્થિતિઓં કા નાથ" બનવાની શક્તિ આપે.

વ્યથાની કથા તો હનુમાનજીના પૂંછડા જેટલી લાંબી થાય પણ "તેજાણને ટકોર" અને "થોડું લખ્યું ઝાઝું કરી માનશો" એવી ખાત્રીના કારણે સંતોષી બની શકાય. આટલી વ્યથાઓની સાથે પાછો અસંતોષની વ્યથાનો વધારો શા માટે કરવો ?

પ્રિય અને પૂજ્ય શ્રી :

''રુતમ્ભરા''ના વહાલા વાંચકો

આપ કુશળ હશો. ''વધુ ગુનેગાર કોણ ?'' નામનો લેખ આપના અવલોકનાર્થે આમાં છાપ્યો છે. આપણી સૌની હૃદયવ્યથાને અતિ સંક્ષિપ્તમાં શબ્દદેહ સ્વરૂપે ''વધુ ગુનેગાર કોણ ?'' લેખમાં ઠાલવી છે. ''હમદર્દ વ્યથિત હૃદયોને સૌને આમાં પોતાની વ્યથાનું પણ પ્રતિબિંબ જણાશે'' એવું અમારું માનવું છે. આવું મારું માનવું મને ઉત્સાહિત કરી રહ્યું છે. હર્ષ-શોકથી ઉત્પન્ન થતી લાગણીઓને હમદર્દ સ્વજનો અને સમાનચિન્તનયુક્ત સજ્જનો-ભદ્રજનો સમક્ષ પ્રગટ કરવાથી મગજ કાંઈક હળવાશ અનુભવે છે.

આપ આત્મીય જનો દ્વારા લખી મોકલાવેલ પ્રતિભાવો અમને આનંદ અને પ્રેરણા આપશે. ''વધુ ગુનેગાર કોણ?'' લેખને વધુમાં વધુ લોકો વાંચે તે ઈચ્છવા યોગ્ય છે. બહુજનહિતાય-સુખાયમાં આપનો સાથ મળશે એવી શ્રદ્ધા છે. યોગ્ય સેવા, કષ્ટ ક્ષમા.

નવા વર્ષના વંદન, અભિનંદન, આશિષ.

આશિષ અભિલાષી :-

ભવદીય

- યોગભિક્ષુના પ્રભુસ્મરણ

આદ્યગુરુ અભિષેક મંત્ર

પ્રણવ પ્રભુજી ઓમ્, પૂજું ચરણો તમારા;
આદ્યગુરુજી ઓમ્, અર્ઘ્ય સ્વીકારો અમારા.
ઓમ્ સમર્પયામિ....

- યોગભિક્ષુ

"વધુ ગુનેગાર કોણ ?" લેખને મળેલા અભિપ્રાયો

સ્વામી અક્ષરાનંદ સરસ્વતીનો અભિપ્રાય

યોગાશ્રમ
જોરસિંહગઢ
પો. પાલીતાણા.
તા. ૮-૧૦-૯૮

તા. ૩-૧૦-૯૮ના પત્રની સાથે "વધુ ગુનેગાર કોણ ?" પત્રિકા મળી છે.

ટી વી, રેડિયો, અખબારોની જાહેરખબરો, સિરીયલો, ગરમ ચટાકેદાર ખબરો દ્વારા કરોડો રૂપિયાની કમાણી કરે છે અને આ દિવ્યભૂમિના સંસ્કારો, ભવ્ય આદર્શો, અનુપમ જીવન-પ્રણાલી અને દિવ્ય શાસ્ત્રોના સિદ્ધાંતોનો દાળોવાટો કાઢે છે.

આપની પત્રિકા મળ્યા પહેલાં જ અહીં આશ્રમમાં બીલ-મોનિકાના યૌનસંબંધના ઊહાપોહ અંગે વાતોચીતો ચાલતી હતી. ફક્ત પૈસો અને એશઆરામના આદર્શો ઉપર રચાયેલ પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ આ દેશનું સત્યાનાશ વાળશે. તેના કરોડો રૂપિયા કમાતા અખબારોના માલિકોને આ દેશનાં બાળકો, નિર્દોષ કન્યાઓ અને નવયુવાનોનાં જીવતરની કોઈ તમા હોય તેવું જણાતું નથી.

પૂજ્ય શ્રી યોગભિક્ષુજીએ આ બારામાં પહેલ કરી તેમના પવિત્ર અને દિવ્ય હૃદયનો ધા-પોકાર પાડ્યો તે બદલ લાખ લાખ ધન્યવાદ. આ પત્રિકાએ અમારાં દિલ હચમચાવી દીધાં છે. સારા, સજ્જન, બુદ્ધિશાળી, સંતો-મહાત્માઓ શું નહીં સાંભળતા હોય કે વાંચતા હોય ? કોઈએ અવાજ ન ઉઠાવ્યો.

આવી નાની-મોટી હજારો બીનાઓ આપણા સમાજને બગાડનારી, રોગીષ્ઠ કરનારી અને પાયમાલ કરનારી બનતી હોય છે. જો આ રીતે તેની સામે અવાજ નહીં ઉઠાવીએ તો આપણો આખો સમાજ આત્મા, ધર્મ, ઈશ્વર, પુણ્ય, આદર્શ, શીલ, ચારિત્ર્ય, દયા, કરુણા, ભાવના, પ્રેમ અને એવા અનેક દિવ્ય ગુણોથી દૂર અવગુણોના અગાધ અંધકારમાં ફેંકાઈ જશે અને પછી તેના ભવ્ય ભૂતકાળને જોવા માટે ફક્ત સંગ્રહસ્થાનોમાં જ જવાનું રહેશે.

પૂ. યોગભિક્ષુજીની આ પ્રસાદી ઘેર ઘેર પહોંચાડવી જોઈએ. બે જણના પ્રશ્નને અને તે પાર અનૈતિક, જાતીય અને અયોગ્ય; આટલો બધો ચગાવવા પાછળ અનેકના ઘણા પ્રકારના ગંદા હેતુઓ હશે. પરંતુ પત્રિકામાં જણાવ્યા પ્રમાણે આવાં નગ્ન ચિત્રો અમારી બેન-બેટીઓ, જગદંબા સમાન માતાઓ અને નિર્દોષ બાળકિશોરોને શા માટે દેખાડો છો ?

એટલે અખબારો, સામયિકો અને અન્ય માધ્યમો મોટામાં મોટા ગુનેગારો છે. અને આવા ગુનેગારોની સાન ઠેકાણે લાવવામાં ઝાઝો વિલંબ કરીશું તો પછી આપણા આદર્શ પ્રમાણે જીવવાની તક આપે એવો સમાજ જ નહીં બચ્યો હોય.

પૂ. યોગભિક્ષુજી મહારાજને અમારા ઓમ્ નમો નારાયણાય સાથે ફરી ફરી અભિનંદન-ધન્યવાદ.

લિ.
સ્વામી અક્ષરાનંદ સરસ્વતી.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જીવનગાથા

પ્રવક્તા - યોગભિક્ષુ
સંકલન : નેપથ્ય વ્યાસ

પૂર્વ જીવનનું સંભારણું - કરાંચીથી મુંબઈ
(આ પ્રસંગ તા. ૩-૧૧-૯૭ ના રોજ ટેપ થયેલો)

અમારી આંખના મોતિયાનું ઓપરેશન કરાવ્યા બાદ અમે ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીને ત્યાં રોકાયેલા. તે વખતે થોડી તબિયત નરમગરમ રહેતી, એ અરસાની વાત છે. એ વખતે અમારી સાથે ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીના નાના ભાઈ ડૉ. કાંતિભાઈની હાજરી વધુ રહેતી. અમને જમાડવા માટે ડૉ. કાંતિભાઈ મોટે ભાગે હાજર રહેતા. તેમની એવી ખૂબ ઈચ્છા કે અમે વધુ જમીએ, સારું સારું જમીએ ; અને અમને પણ વધુ જમવાનું કેમ ન ગમે ? સૌને વધુ જમવાનું ગમે, સારું સારું જમવાનું ગમે; બધાને સારું સારું ભાવે પણ પેટને ફાવવું જોઈએને ? પાચનશક્તિ દ્વારા પચેલો ખોરાક પચે તો એ વધુ ખાધેલું, સારું સારું ખાધેલું કામનું. અમારી તબિયત બરાબર નહીં એટલે અમે જમવાની બાબતમાં બહુ ધ્યાન રાખીએ. પહેલેથી જ કુદરતી ઉપચારમાં વધુ માનવાવાળા તેથી અમુક પ્રકારનો ખોરાક અમુક પ્રમાણમાં જ લઈએ. આથી કાંતિભાઈ દુઃખી રહ્યા કરે કે બાપુ જમતા નથી, બાપુ બરાબર જમતા નથી. એટલે અમે અવારનવાર શા માટે અમે ઓછું જમીએ છીએ એ માટેના જુદાં જુદાં દૃષ્ટાંતો આપતા રહીએ. એક દિવસ અમે કાંતિભાઈને અમારા પૂર્વ-જીવનનું સંભારાગું કહેલું, એના અનુસંધાનમાં આજે એ વાત ટેપ કરી રહ્યા છીએ.

અમે ડૉ. કાંતિભાઈના સમાધાન માટે કહ્યું'તું કે ભાઈ ! તમને એવી ખૂબ ઈચ્છા છે કે અમે વધુ જમીએ પણ અત્યારે તો અમારી જેવી પાચનશક્તિ છે એ પ્રમાણે જમીએ છીએ; નહીં તો ઉપરથી હેરાન થઈએ, ઝાડા થઈ જાય, તાવ આવી જાય. અમે અમારી યુવાન વયમાં કરાંચી હતા. તે વખતે અમે લૉજમાં જમતા. અમે લૉજમાં વીસ-બાવીસ રોટલી ખાંઈ જતા અને એ બધું આસાનીથી પચાવી જતા. કારખાનામાં કામ કરતા; ત્યાં અડધો-પોણો કલાકની રિસેસ પડે એટલે કારખાનામાંથી લૉજમાં આવી આટલી રોટલી અને સાથે શાક વગેરે જમી, પાછા કારખાને પહોંચી જતા.

તે કાળની વાત કરીએ તો અમારા ગામ હળવદમાં કામધંધા બહુ ઓછા. છોકરાઓ ભાણીગાણીને યુવાન થાય એટલે એમને કામધંધે કે નોકરીએ ચડાવવાના હોય. પરંતુ હળવદમાં આવી સગવડ નહીં એટલે છોકરાઓને રોજીરોટી કમાવા બહારગામ જ જવું પડે. વળી માતાપિતા વયોવૃદ્ધ થયાં હોય એટલે એમનું ગુજરાન ચલાવવાની જવાબદારી પણ છોકરાઓ ઉપર જ હોય. હળવદમાં છોકરાઓ એ રીતે જ ઊછરતા હોય એટલે આ વાતની સૌને નવાઈ ન લાગે, આશ્ચર્ય ન લાગે. સૌ ઉંમર થાય એટલે તરત જ બહારગામ જવા માટેના પ્રયત્નો કરવા લાગે. તેમના સૌના મનમાં એમ હોય કે બહારગામ જઈ, કમાતાધમાતા થઈ અને માતાપિતાને પૈસા મોકલીએ, કે જેથી એમના ખોરાકપાણીનું ચાલ્યા કરે. તો આમ, હળવદમાં ઘેરઘેર વૃદ્ધ માતાપિતા હોય, તેમના દીકરાઓ બહારગામ કમાતા હોય અને વધુમાં વધુ પ્રયત્ન કરી, બચત કરી અને પોતાનાં માતાપિતાને પૈસા મોકલતા હોય.

તો આમ, અમે પણ હળવદમાં જ ઊછરેલા. અમારા મગજમાં પણ આ જ સંસ્કારોની પરિપાટી. અમે તો પાછા ખાસ ભાણેલા નહીં. તેથી કરાંચી જઈ ફિટરની નોકરી કરતા. ફિટરનો પગાર સાવ સાધારણ. તો, એ ઓછા

પગારમાંથી પાણ બચત કરી અને કઈ રીતે માતાપિતાને પૈસા મોકલવા ? બસ, મગજમાં એ જ ધૂન ચડેલી રહેતી. અમે લોજમાં જમતા ત્યારે એક ટાઈમ જમતા, આજ બપોરથી કાલ બપોર. સાંજે સીંગચણા કે એવું કાંઈ ખાઈ લેતા. એક આનાના એટલા બધા સીંગચણા આવે કે આપણે ધરાઈ જઈએ. તો આમ, યુવાન વયમાં અમે પાણ ખૂબ જમતા અને સારી રીતે પચાવતા. ખૂબ સારી રીતે પચી જતું'તું એટલે વધુ જમી શકાતું'તું. પાણ આ બધા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આ —

એટલી નાની ઉંમર, અમે સાવ ઓછું ભણેલા અને તોય ક્યાં હળવદ અને ક્યાં કરાંચી ! કેટલે દૂર ગયા. ત્યાં પાણ અમારા મોટાભાઈના સ્નેહી-મિત્રો સાથે રહેવાનું. બધા સાવ અજાણ્યા. અમે ખૂબ શરમાળ સ્વભાવના. પાણ તોય બહારગામ જવું જ છે, નોકરી કરીને બા-બાપુજીને મદદ કરવી જ છે, આ ઉદ્દેશ્યથી જ કરાંચી ગયા.

કરાંચીમાં નોકરી કરતા હતા તે વખતે જ હિંદુસ્તાન-પાકિસ્તાન અલગ થયું. એ સમયમાં મોટાભાઈ મુંબઈમાં નોકરી કરતા એટલે અમે કરાંચીથી મુંબઈ આવવાનું વિચાર્યું. પાણ આખા કરાંચીમાં ભાગાભાગ ભાગાભાગ. ચારે બાજુ મારોકાપો, મારોકાપોના દેકારા બોલાતા'તા. એવી પરિસ્થિતિમાં અમે એક ઊટગાડીમાં અમારો થોડો સામાન લઈ અને ચડી ગયા. અમારે, જ્યાંથી સ્ટીમર ઊપડતી હતી એ સ્થળે પહોંચવાનું હતું. રસ્તામાં પાણ મારોકાપોના દેકારા બોલાતા હતા. એમ થાય કે હવે સ્ટીમરના અડ્ડા સુધી પહોંચાશે કે કેમ ? અનેક પ્રકારની તકલીફો વેઠતા વેઠતા સ્ટીમરના અડ્ડે પહોંચ્યા અને સ્ટીમરમાં ચડી ગયા. સમય થયો એટલે સ્ટીમર ઊપડી. અમને યાદ આવે છે તે મુજબ કરાંચીથી મુંબઈ પહોંચતાં સ્ટીમરને ત્રાણ દિવસ લાગેલા.

તો, આખો દિવસ અને રાત સ્ટીમર દરિયાના પાણીમાં સડસડાટ કરતી જતી હોય. અમને સાધારાણ જીવ ચૂંથાય અને ફેર ચડે એટલે અમે તો સાવ છેડે કે જ્યાં સ્ટીમરનો ખુલ્લો ભાગ હતો ત્યાં બેસતા અને ત્યાંથી બેઠા બેઠા દરિયાનું પાણી જોયા કરીએ. ત્યાં સ્ટીમરના છેડાના લાકડા સાથે એક લાંબી દોરી બાંધેલી અને દોરીના છેડે એક યંત્ર બાંધેલું કે જે પાણીની અંદર ડૂબેલું જ રહેતું. સ્ટીમર જેટલી ઝડપથી ચાલે એટલી ઝડપથી એ યંત્ર પાણી સાથે ઘસાય અને એ પ્રમાણે સ્ટીમરની ગતિ કેટલી છે એ બતાવ્યા કરે. એટલે અમે તો આખો દિવસ એ ખુલ્લી જગ્યા પાસે બેસી રહીએ. જીવ ચૂંથાતો હોય અને ઊલટી થઉં થઉં થતી હોય તેથી પછી ખાવાની તો વાત જ ક્યાં રહી ?! સ્ટીમરમાં અમારી સાથે એક દાદા હતા. તે આપણા થોડા પરિચિત હતા. દાદા તો થોડી થોડી વારે ડબો ખોલીને લાડુ જમે. અમને કહે કે 'મિ. જોશી, તમે પાણ થોડા લાડુ ખાઓને.' હું કહું કે ના દાદા, અમથીયે ઊલટી થઉં થઉ થઈ રહી છે અને આ લાડુ ખાઉં તો વધુ તકલીફ પડે. તો તેઓ કહે, 'મને પાણ ઊલટી થાય એવું લાગે છે પરંતુ લાડુ ખાઉં છું એટલે બેસી જાય છે.' અમે કહ્યું કે દાદા, તમારી પાચનશક્તિ સારી હશે, પાણ મને તો ખાવાનું ફાવશે નહીં.

આમ ને આમ દિવસ અને રાત, દિવસ અને રાત પસાર કરતાં કરતાં મુંબઈ પહોંચ્યા. મુંબઈના બંદરે તો આપણા દેશના, મુંબઈના સ્વયંસેવકોના ઢગલે ઢગલા. જે કોઈ નિરાશ્રિતો પાકિસ્તાનથી આવે તેમની મદદ કરવા આ સ્વયંસેવકો ખડે પગે તૈયાર. સ્ટીમરમાંથી ઊતરીને બહાર આવીએ એટલે પહેલાં તો દરેકને ખાવાનું આપવા માંડે. ઘઉંનો એક મોટો બધો રોટલો, બે હાથ પહોળા કરીએ ત્યારે હાથમાં માંય, એવડો રોટલો આપણા હાથમાં મૂકે અને એ રોટલામાં કડછો ભરીને શાક નાખે. આમ દરેક નિરાશ્રિતને પહેલાં જમાડે. સ્ટીમરના અડ્ડાની બહાર વાહનોની પાણ સારી વ્યવસ્થા કરેલી. સ્ટીમરમાં આવનારાઓને જે વિસ્તારમાં પહોંચવું હોય એ વિસ્તાર માટેનાં વાહનો. જે કોઈ જમી લે એમને સ્વયંસેવકો પૂછે કે 'આપને ક્યાં જવું છે ?' સૌ જે કોઈ સ્થાનનું નામ દે એટલે એમને એ વિસ્તારના વાહનોમાં બેસાડી દે અને

આમ વાહનો ભરાઈ જાય એટલે ઊપડે.

આ રીતે, એક પછી એક, એક પછી એક; એમ આખો અડ્ડો ખાલી થઈ ગયો. સૌ ચાલ્યા ગયા. અમે એકલા. હવે ? અમને તો કોઈ લેવા પણ આવેલું નહીં. મોટાભાઈને સમાચાર નહીં મળ્યા હોય? કે મોડા મળ્યા હશે? અમારા કરાંચીથી નીકળવાના સમાચાર મોટાભાઈના સ્નેહીમિત્રોએ તાર દ્વારા કે પત્ર દ્વારા મોકલાવ્યા જ હશે. પરંતુ આ બધી અંધાધૂંધીમાં તેમને નહીં મળ્યા હોય અને અમારી પાસે પણ મોટાભાઈનું સરનામું નહીં. હવે શું થશે? આ વિચારો ચાલતા'તા ત્યાં જ સ્વયંસેવકોની બૂમો સંભળાઈ - 'છેલ્લી ગાડી, છેલ્લી ગાડી જાય છે. કોણ રહી જાય છે ?' અમને પૂછવા આવ્યા કે 'ભાઈ, તમારે ક્યાં જવું છે?' અમે કહ્યું કે અમને તો ખબર નથી કે અમારે ક્યાં જવાનું છે. અમારા મોટાભાઈ અહીં મુંબઈમાં જ રહે છે પણ કોઈપણ કારણોસર અમને લેવા માટે આવી શક્યા નથી. સ્વયંસેવકો કહે 'આ છેલ્લી ગાડી છે અને એ વાડીએ જાય છે. તમે અહીં ઊભા રહી શું કરશો ? ગાડીમાં બેસી વાડીએ તો પહોંચી જાવ. ત્યાંથી પછી તપાસ કરજો.' વાડી એટલે ધર્મશાળા જેવી મોટી મોટી જગ્યાઓ, એને વાડી કહે. અમને એમની વાત બરાબર લાગી એટલે અમે ગાડીમાં બેસી ગયા.

જેને કોઈ સ્થાન નહોતું એ બધા નિરાશ્રિતો વાડીમાં ઊતરેલાં. અમે પણ વાડીમાં જ સૂઈ રહ્યા. આખી રાત વિચારો, વિચારો, વિચારો....

આ મુંબઈ જેવું મોટું શહેર! મોટાભાઈ ક્યાં રહેતા હશે? એમને તાર મળ્યો હશે કે નહીં મળ્યો હોય, કે મોડો મળ્યો હશે ? તેઓ બંદરે જશે ત્યારે સમાચાર મળશે કે સ્ટીમર તો ક્યારનીયે આવી ગઈ અને બધા મુસાફરો જતા રહ્યા. કોણ ક્યાં ગયું અને કોણ ક્યાં ગયું એની શી ખબર. તો પછી મોટાભાઈ અમને ક્યાં ગોતશે ? હવે અમારે ક્યાં જવું અને શું કરવું ? આપણે અજાણ્યા અને ઉંમર સાવ નાની. બહુ શરમાળ સ્વભાવ. અમથા અમથા ગભરાઈ જઈએ. તો હવે શું કરીશું ?

આમ, વિચારોની હારમાળા ચાલતી ગઈ અને સવાર પડી. પથારીમાંથી ઊઠીને અમે બહાર આવ્યા. ત્યાં વાડીમાં એક નાનો કૂવો હતો. કૂવામાંથી આસપાસના લોકો પાણી ભરે અને સ્નાન કરે. અમે બહાર કૂવાની સામે બેઠા. બેઠા બેઠા પણ વિચાર તો ચાલુ જ હતા. થોડા સમય પછી કૂવા ઉપર એક પવિત્ર બ્રાહ્મણ આવ્યા. તેમણે એક પંચિયું પહેરેલું, શરીર ઉપર એક ધાબળી ઓઢેલી અને હાથમાં કંતાનની ડોલ; એની સાથે રસ્સી બાંધેલી. એમણે કૂવામાંથી પાણી કાઢ્યું અને સ્નાન કર્યું. અમે એમને જોયા કરીએ. તેમનું સતત નિરીક્ષણ કરતાં કરતાં અમને એમ લાગ્યું કે આ ભાઈને ક્યાંક જોયેલા છે. કહો ન કહો પણ હળવદમાં અમારી બાજુમાં સવાલીદાદા રહેતા'તા એમના દીકરા જ હોવા જોઈએ. તેઓએ સ્નાન કરી, પાણીની ડોલ ભરી અને જવાની તૈયારી કરી એટલે અમે ઊઠીને એમની પાસે ગયા. અમારો સ્વભાવ શરમાળ તો બહુ. કઈ રીતે આ અજાણ્યા માણસ સાથે વાતચીત કરવી? પણ એવી પરિસ્થિતિમાં મુકાયેલા એટલે હિંમત કરીને વાત કરવી જ પડી. એમની પાસે જઈ અમે એમને પૂછ્યું કે આપ કયા ગામના છો ? એમને થયું કે આ નિરાશ્રિત જેવો છોકરો મને કેમ પૂછી રહ્યો છે ? એટલે જવાબ આપ્યા વગર અમારી સામે ટગર ટગર જોઈ રહ્યા. એટલે અમે કહ્યું કે અમને એમ લાગે છે કે આપ કદાચ હળવદના જ છો. અમે ફલાણા ફલાણાના દીકરા, અહીં આવી ચડ્યા છીએ. કરાંચીથી સ્ટીમરમાં મુંબઈ આવ્યા છીએ. અમારા મોટાભાઈ અમને લેવા આવી શક્યા નથી. તો અમારે એમને સમાચાર પહોંચાડવાના છે. અને અમને એમ લાગ્યું કે આપ હળવદના છો એટલે આપને પૂછ્યું. આટલું સાંભળી એ ભાઈને એમ લાગ્યું કે આ તો આપણા ગામનો જ દીકરો છે. તેથી તેમણે કહ્યું કે 'હા, હું હળવદનો જ છું અને તમે તો અમારા પડોશી જ છો.' આટલું સાંભળી અમને હિંમત આવી તેથી તેમને આગળ કહ્યું કે અહીં મુંબઈમાં શ્રી

શિવલાલ મોહનલાલ પરીખની નિશાળ છે અને એમાં અમારા કાકા માસ્તર તરીકે કામ કરે છે. તેમને અમારા સમાચાર પહોંચાડી દો જેથી તેઓ અમારા મોટાભાઈને અમારા આવ્યાના સમાચાર પહોંચાડી દેશે. તેઓ કહે કે, 'ભલે, અમે તમારા સમાચાર પહોંચાડી દઈશું.' આટલું કહી તેઓ ચાલ્યા ગયા.

એ ભાઈ અને એમનું આખું કુટુંબ એટલું બધું પવિત્ર જીવન જીવવાવાળા હતાં કે કોઈને અડે નહીં, કોઈનું રાંધેલું ખાય નહીં. જો કે ફક્ત એ અને એમના કુટુંબની જ નહીં પણ આખા હળવદ ગામની એ કાળમાં એવી પરિપાટી. હળવદના મોટાભાગના બધા છોકરાઓને તરતાં આવડતું હોય અને બ્રાહ્મણના દીકરાઓને રાંધતા પણ આવડતું હોય. કારણકે એ વખતની એવી પરિપાટી કે બીજા કોઈના હાથનું રાંધેલું ખવાય જ નહીં, આપણે જાતે જ રાંધીને જમવાનું. એટલે છોકરાઓને પણ રાંધવાનું તો પહેલામાં પહેલું જ શિખવાડી દે. અને એ રીતે સ્વયંપાકી - જાતે રસોઈ કરીને જમે એટલે કેવી સ્વચ્છતા, કેવી પવિત્રતા, કેવી આરોગ્યદાયક રસોઈ થાય !!! અને એ રસોઈ જમે એટલે એનાથી પછી તંદુરસ્ત જ રહેવાય ને ?! તો તંદુરસ્તીનો નિયમ અનાયાસે જ જળવાઈ જતો. તો, હળવદના એ ભાઈ અને એમનું આખું કુટુંબ બેહદ પવિત્રતાથી જીવવાવાળું.

તો આમ, એ ભાઈએ અમારા સમાચાર નિશાળે કાકાને પહોંચાડ્યા. એટલે કાકાએ મોટાભાઈને સમાચાર પહોંચાડ્યા. મોટાભાઈ આવીને અમને લઈ ગયા. અને એમ થોડો સમય મુંબઈનું જીવનેય જીવ્યા અને મુંબઈના જીવનમાં એક કાળ એવો આવ્યો કે 'મુંબઈ આમચી'નું વાતાવરણ ઊભું થયું તો મુંબઈ છોડીને આ અમદાવાદમાં આવ્યા. અને એ રીતે છેલ્લાં કેટલાંય વર્ષોથી અમદાવાદમાં જ સ્થાયી થયા. અત્યારે તો મોટાભાઈ પણ દેવ થઈ ગયા છે, માતાપિતા પણ દેવ થઈ ગયાં છે અને અમે પણ સિત્તેર વર્ષની ઉંમરે પહોંચી ગયા છીએ. પરંતુ કાંતિભાઈ ડૉકટરનો અમને વધુ જમાડવાનો આગ્રહ અને એમના સમાધાન માટે જાતજાતની વાતો થાય એમાં આ પણ એક વાત થયેલી. તો, આજે ટેપ કરવાની અનુકૂળતા આવી ત્યારે જેટલી વાત યાદ આવી એટલી ટેપ કરી. કારણકે તમને સૌને બચપણનાં, પૂર્વ જીવનનાં સંભારણાં સાંભળવાની ખૂબ ઇચ્છા છે, તો ક્યારેક મોકો આવે તો અમે તે ટેપ કરીએ છીએ. અસ્તુ.

પ્રેરણાદાયી સંભારણાં
(તા. ૭-૪-૯૮)

આપણાં સામાન્ય ઘરોમાં એવો રિવાજ હોય છે કે અનાજની મોસમમાં બાર મહિનાનું અનાજ ભરી લે; જો પોતાની સ્થિતિ બરાબર હોય તો અનાજ છે, ગોળ છે, તેલ છે ઇત્યાદિ ઇત્યાદિ ઠીકઠાક સાફ કરીને ભરી લે, એટલે પછી એની ચિંતા નહીં. વળી મોસમમાં એ બધું સસ્તા ભાવમાં પણ મળે અને સારું પણ મળે.

તો, અહીં "ધર્મમેઘ"માં પણ બાર મહિનાના ઘઉં ભરવા માટે થઈને આવેલા. આ ઘઉંને સાફસૂફ કરવા પડે, દિવેલ લગાવીને મોવા પડે કે જેથી ખરાબ ન થઈ જાય. તો, યોગેશભાઈનાં મમ્મી વસુબેન અને યોગેશભાઈનાં પત્ની ભારતીબેન એ બંને રોજેરોજ સવારથી સાંજ સુધીમાં જેટલો સમય મળે તેટલા સમયમાં ઘઉંમાંથી કાંકરા કાઢવાનું કામ, કચરો કાઢવાનું કામ કરતાં જ હોય, કરતાં જ હોય. અમને એમ થાય કે તે બંને આખો દિવસ બીજા કામમાં તો લાગેલાં રહે જ છે અને વળી એ કામ પતાવીને પાછું ઘઉંમાં લાગી જવું પડે છે. તેથી અમે તેમને કહ્યું કે બે દિવસ માટે કોઈ કામવાળાં બેનને બોલાવીને આ બધું જલદી જલદી પતાવી નાખો નહીં તો તમે લોકો બીમાર થઈ જશો. તો તેઓ કહે, "મોઢે માગ્યા પૈસા આપવા છતાંય કોઈ મળતું નથી, નહીં તો ક્યારનાય બોલાવી લીધું હોત." આ સાંભળી અમે તેમને કહ્યું કે

આપણા ઓમ્પરિવારનાં બહેનોને બોલાવી દઈએ? ત્યાં તો વસુબેન એટલે કે અમારાં ભાભી કહે કે "હાય...હાય...! ઓમ્પરિવારનાંને તો કાંઈ બોલાવાતાં હશે !?" અમારી વાત સાંભળી એમના આશ્ચર્યનો કાંઈ પાર ન રહ્યો. અમે કહ્યું કે આમાં આશ્ચર્ય કરવા જેવું કાંઈ નથી. તમે કહો તો ઓમ્પરિવારનાં બહેનોને બોલાવી આપીએ, તમે કહેતાં હો તો ખંડેરાવપુરાથી બહેનોને બોલાવી આપીએ. એ સૌ તો બિચારાં રાહ જોઈને જ બેઠાં હોય છે કે ક્યારે તેઓ ઓમ્પરિવારનું અને ગુરુજીનું કામ કરે. તેઓ તો એમ જ વિચારતાં હોય છે કે 'ક્યારે આપણને આવી તક મળે અને આપણે તેને ઝડપી લઈએ? ક્યારે આપણે આવો સરસ લાભ લઈ લઈએ ?' પણ અમારાં ભાભીને તો અમારી વાતો સાંભળીને ખૂબ આશ્ચર્ય જ થયું. તો, અમે તેમને કહ્યું કે —

ભાભી! તમને ખબર નહીં હોય; અમે સાવ નાના હતા ત્યારે અમારા હળવદના ઘેર મોસમમાં સસ્તું અનાજ ભરે અને એ રીતે ઘઉં, ચોખા ઈત્યાદિ આવે. પણ એને સીધેસીધા તો ભરી દેવાય નહીં, ભરતાં પહેલાં સાફસૂફ કરીને તૈયાર કરવા પડે. એટલે જે ઘડીએ ઘઉં અને ચોખાના કોથળા ખૂલે એટલે ઘરમાં જેટલાં હોય એટલાં બધાં જ - દીકરાઓ ને દીકરીઓ ને વડીલો ને - સૌ થાળીઓ લઈલઈને બેસી જાય. થાળીમાં ઘઉં લેવાના અને એમાંથી કાંકરા કાઢતા જવાના. સૌ કાંકરા કાઢતાં જાય અને બાજુમાં મૂકતાં જાય. આમ, કાંકરાની નાની નાની ઢગલીઓ કરીએ. એ ઢગલીઓ ઉપરથી અંદાજ થાય કે, હા ભાઈ! આ ભાઈ કે આ બહેનની ઢગલી મોટી છે તેથી તેણે વધારે કામ કર્યું છે. પછી વચ્ચે વચ્ચે આનંદ પણ કરતા હોઈએ. એકાદ જણ પાણી પીવા માટે કે બીજા કામ માટે ઊઠે કરે તો એની જે ઢગલી હોય એમાંથી બીજો કોઈ થોડા કાંકરા લઈ લે અને પોતાની ઢગલીમાં નાખી દે. આ રીતે સૌ આનંદ કરતાં જાય અને કામ કરતાં જાય.

તો, અમે ભાભીને કીધું કે કાલથી અમે પણ થાળી લઈને બેસીશું અને ઘઉં સાફ કરાવીશું. અમારા સ્વયંસેવકો આવે છે એમને પણ કહીએ એટલી જ વાર છે, એ સૌ પણ આ કામ કરવા બેસી જાય. વળી આ કાંકરા કાઢવાની વાત ઉપરથી બીજી પણ એક વાત યાદ આવી કે આ ઘઉંમાંથી કાંકરા કાઢવા, ઘઉંને સાફ કરવા એ તો સ્થૂળ બાબત થઈ; અમે તો સૌના વિચારોરૂપી જે ઘઉં રહ્યા એમાંથી કાંકરા કાઢી જ રહ્યા છીએ, એ કાર્ય તો સતત ચાલુ જ છે. જ્યારે મોકો મળે ત્યારે જિજ્ઞાસુઓના વિચારોરૂપી ઘઉંમાંથી યુક્તિપ્રયુક્તિ દ્વારા કાંકરા કાઢવાનો પ્રયત્ન કરીએ જ છીએ.

તો આમ, કઈ વાતમાંથી કઈ વાત યાદ આવી ગઈ! ચારપાંચ દિવસ પહેલાં દમાભાઈ આવ્યા હતા. એમને અમે વાત કરી કે ઘેર ઘઉં આવ્યા છે અને અમે ભાભીને કહ્યું છે કે તેમને મદદ કરવા માટે થઈને દમાભાઈના ઘેરથી કંચનબેનને, દેવુભાઈના ઘેરથી હંસાબેનને વગેરેને બોલાવી લઈએ. તો, ભાભીના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ કહે, "હાય...હાય...! એ બધાંને આવા કામ માટે બોલાવાતાં હશે !?" પણ દમાભાઈ માટે તો આ સ્વાભાવિક હતું એટલે તેઓ કહે, "એમાં શું ? એ સૌને આપ જરૂર બોલાવો. આપ જો સામેથી બોલાવો તો એમને આપની સાથે બે-ત્રણ દિવસ રહેવાનો મોકો મળશે. આપની સાથે ઘણાં બધાં ગુરુભાઈબહેનો અવારનવાર રહેતાં હોય છે પણ એમને (દમાભાઈના પત્ની કંચનબેનને) રહેવાનો મોકો મળતો નથી. આપની સાથે રહેવાની તેઓ ખૂબ ઈચ્છા કરતાં હોય છે પણ કોઈ નિમિત્ત વિના કેવી રીતે રહેવું ? તો, ઘઉં સાફ કરાવવાના બહાને તે બે દિવસ ઘરનાંઓ સાથે રહે. વળી આપની હાજરી હોય તો કેવી અને કેટલી જાતજાતની વાતો થતી હોય. એવી જીવનોપયોગી કેટલીય વાતો તેમને સાંભળવા મળે. તો, આપ તેમને બોલાવો તો બહુ સારું." તો આમ, ઘઉં સાફ કરવાના નિમિત્તે કેવી સરસ મજાની વાતો નીકળી ! અસ્તુ.

બચપણમાં તો અમારા સૌના દિવસો કામ કરતાં

કરતાં જ વ્યતીત થતા. ઘરનું બધું જ કામ અમે સૌ કરતા. ઉનાળામાં હળવદમાં પાણીનો જબરો ત્રાસ થઈ જાય. કૂવામાં પાણી એટલાં ઊંડા જાય કે લાંબા લાંબા દોરડાથી પાણી સીંચવું પડે. લક્ષ્મીનારાયણનો કૂવો. એમાં પાણી કેટલું ઊંડું ગયેલું હોય. પાવઠા માથે ડોલો અને ઘડાઓ ભટકાતા હોય. સામાન્ય સંજોગોમાં તો બા પાણી ભરી લાવતાં હોય પણ ઉનાળામાં તો લાંબા લાંબા દોરડાથી તેઓ કેટલું પાણી સીંચી શકે ? એટલે મોટાભાઈ પાણી સીંચી દેવા માટે થઈને બાની સાથે જતા. કપડાં ધોવા માટે ગયા હોઈએ તોય પાણી સીંચીસીંચીને કાઢવું પડે, તળાવમાં તો પાણી હોય નહીં. તો આમ, મોટાભાઈ બા સાથે જાય અને બાને પાણી સીંચી દે. પણ સીંચતાં સીંચતાં પાણી સીંચવાનું જે રાંઢવું - કાથીનું દોરડું - તે જમણા હાથની પહેલી આંગળીમાં વાગ્યા કરે. આમ, લાંબા સમય સુધી પાણી સીંચતાં સીંચતાં તેમના જમણા હાથના અંગૂઠા પાસેની પહેલી આંગળીમાં ઇંખ પડી ગયો. થોડા સમય પછી એ આંગળી પાકી. એ આંગળી એટલી બધી પાકી કે પછી પીડા, પીડા, પીડા, પીડા. મોટાભાઈને તકલીફનો પાર નહીં. હવે શું કરવું ? સૌ વડીલોનો એવો મત પડ્યો કે મોટાભાઈને દવાખાને લઈ જઈ અને સહેજ ચેકો મુકાવી દઈએ, એટલે પરુ બધું નીકળી જાય. આમ, મોટાભાઈને ચેકો મુકાવવા દવાખાને લઈ ગયા. એમની સાથે એમના મિત્ર હરિનારાયણભાઈ જોશી પણ હતા. દવાખાનામાં ચેકો મૂકીને ડૉકટર ઘા સાફ કરતા'તા ત્યારે મોટાભાઈને એટલી વેદના થવા લાગી કે તેઓ રાડો પાડવા માંડ્યા. બાજુમાં ઊભેલા તેમના મિત્રને આ બધું જોઈ-સાંભળી ચક્કર આવી ગયા અને બાજુની ચોકડીમાં ધડાંગ દઈને પડ્યા. ચોકડીની પાળી જરાક માટે રહી ગઈ નહીં તો તેમનું માથું ફૂટી જાત. ચેકો મુકાયા પછી મોટાભાઈને દવાખાનામાં જ રહેવું પડ્યું. ડૉકટર રજા નહોતા આપતા એટલે તેઓ રાત્રે ભાગીને ઘેર આવતા રહ્યા. ઘેર આવ્યા પછી તેઓ અવારનવાર ડ્રેસિંગ કરાવવા જાય, પાટો બંધાવવા જાય. જ્યારે ડ્રેસિંગ ચાલતું હોય ત્યારે એટલું વીતે કે બૂમાબૂમ અને રાડારાડ કરવી પડે. સહેજસાજ થોડી કંઈ રૂઝ આવીને જ્યાં આંગળી સરખી થઈ હોય એ પાછી આળી થઈ જાય. આમ, પાકેલી આંગળીને કારણે તેમને ખૂબ ત્રાસ થતો, ખૂબ દુઃખ પડતું 'તું. એ અરસામાં અમારા પેઈન્ટરમામા ખંડેરાવપુરાથી હળવદ આવેલા. તેમણે આ બધું જોયું. મામા નિસર્ગોપચારમાં માનવાવાળા હતા એટલે તેમણે બીજી બધી દવાઓ અને પાટાઓ બંધ કરાવી અને કેવળ પાણીના જ પાટા બાંધવાની શરૂઆત કરી. થોડા દિવસોમાં જ મોટાભાઈની આંગળીએ રૂઝ આવવા માંડી અને ધીમેધીમે આંગળી સારી થઈ ગઈ. આમ, રોજેરોજની બૂમાબૂમમાંથી અને દુઃખમાંથી મોટાભાઈ છૂટ્યા. પણ એ આંગળીમાં કાયમ માટેની ખોડ રહી ગઈ. એ આંગળી સીધી સીધી જ રહે, વળે નહીં. પેન્સિલની એક ઊભી ચીરી હોય તો તે ફાડિયું કેવું લાગે; બસ, મોટાભાઈની આંગળી પણ એવી જ લાગે. વળી લખતી વખતે પણ એ આંગળી તો કામમાં ન આવે એટલે એની બાજુની જે મધ્યમા આંગળી તે અને અંગૂઠો, એ બે દ્વારા જ પેન પકડીને તેઓ લખતા હતા. પહેલી આંગળી ઊભી જ રહેતી હતી.

અમે મોટાભાઈની એ આંગળી જેટલી વાર જોઈએ એટલી વાર અમને માતૃસેવાનો એ પ્રસંગ યાદ આવે. બાની સેવા માટે થઈને, બાને મદદ કરવા માટે થઈને મોટાભાઈ પાણી સીંચવા માટે જતા હતા અને એમાંથી આ તકલીફ ઊભી થયેલી; એટલે આ ખોડવાળી આંગળી તો મોટાભાઈ માટે દૂષણ નહીં પણ એક ભૂષણ છે; માતાની સેવાનું એ સતત જાગતું પ્રતીક છે, સતત જાગતું સંસ્મરણ છે. આમ, એ જમાનો, એ વિચારધારાઓ, એ વખતના માણસો - "કોઈ લાખેય નહીં મળે અને કોઈ ટકાનાં તેર" એ જે કહેવત છે એ મુજબ એ જમાનામાં, અત્યારે લાખેય ન મળે એવા માણસો અને કરોડેય ન મળે એવા વિચારો હતા. પોતાને એ ખબરેય ન હોય કે જે રીતે પોતે જીવી રહ્યા છે, જે રીતે પોતે વર્તન કરી રહ્યા છે એનાથી

મનુષ્યજન્મની સાર્થકતા થવાની છે. પરંતુ પેઢીઉતાર પરંપરા જ એવા પ્રકારની, કુટુંબોમાં આચારવિચારની ગોઠવણી જ એવા પ્રકારની હતી કે અમુક તો કરવું જ પડે, અમુક રીતે જ રહેવાય, અમુક રીતે જ સુવાય, આમ જ ખવાય, આમ જ ન્હવાય, વગેરે; 'આમ તો કરવું જ પડે, આમ તો વર્તવું જ પડે' અને એ પ્રમાણે જ સૌ વર્તે. આમ અનાયાસે જ સૌનો મોક્ષમાર્ગનો પંથ કપાતો જાય અને તેઓ મોક્ષમાર્ગમાં આગળ વધતા જાય; અને મનુષ્યજન્મની સાર્થકતા અને સફળતાનું ફળ સાથે સાથે જ મેળવતા જાય. અસ્તુ.

ફરજ અને મોહ

આઠેક દિવસ પહેલાં એક ભાઈ ખાસ મળવા આવેલા. પોતે અમેરિકા રહે છે. થોડાક દિવસ માટે અમેરિકાથી ભારત આવતા હતા ત્યારે તેમના એક મિત્રે ભલામણ કરી હશે કે 'તમે ગુરુજીને મળવા જરૂર જજો, ગુરુજીના દર્શને જરૂર જજો.' તેમના મિત્રની ભલામણના કારણે તેઓ અમને મળવા આવ્યા હતા. તેઓ ખૂબ જ જિજ્ઞાસુ અને તત્ત્વજ્ઞાનના પ્યાસુ આત્મા હતા. તેમની સાથે કલાકેક જેટલી સત્સંગની અતિ ઉચ્ચ કક્ષાની વાતો થઈ. એ વાતો ખૂબ જ પ્રેરણાદાયી અને મનુષ્યજન્મના ભાથારૂપ છે. તેનો થોડો અંશ અહીં રજૂ કરી રહ્યા છીએ. તે ભાઈના પ્રશ્નો નીચે મુજબ હતા:

"મને મારી પુત્રી તરફ ખૂબ વહાલ છે, ખૂબ પ્રેમ છે. પરંતુ મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે આપણાં બાળકો આપણી પાસેથી અતિ કિંમતી, અતિ મૂલ્યવાન એવી જે વસ્તુઓ છે એ કેમ નહીં લેતાં હોય ? અને સાવ સામાન્ય બજારૂ વસ્તુઓ, જેનું કાંઈ મૂલ્ય ન હોય અને જે નુકસાન કરતી હોય એમાં એમને કેમ આકર્ષણ થતું હશે ? મારી પુત્રી મારી પાસે એવી સામાન્ય વસ્તુઓ માંગે તે વખતે મારી પિતા તરીકેની ફરજ શું ? અને હું લાગણીમાં, મોહમાં ખેંચાઈને તેને તે વસ્તુઓ લાવી આપું તો તે શું યોગ્ય છે ? ગુરુજી ! મને ફરજ અને મોહ વચ્ચેનો ભેદ પણ સમજાવો. અમેરિકાથી હું અમદાવાદ આવતો હતો ત્યારે મારી દીકરીએ સિનેમાના મૅગેઝિનો મંગાવ્યાં. તો, મારે લઈ જવાં ? મને આ બધું ઠીક નથી લાગતું."

તે ભાઈની વાત સાંભળીને અમે થોડા હસ્યા. અમે તેમને કીધું કે એ બધું અમને પણ ઠીક નથી લાગતું પણ તોય તમારે મૅગેઝિનો લઈ જવાં, જરૂર લઈ જવાં. દરેક જીવાત્મા માટે જુદી જુદી ભૂમિકાઓ છે. તમારી પુત્રીની પણ આ એક ભૂમિકા છે અને દરેક જીવાત્માએ એ ભૂમિકાઓમાંથી પસાર થવું જ પડે છે, પસાર થાય જ છે. અત્યારે તમારા જેવા વિચારો છે એવા જ વિચારો અમુક વર્ષ પહેલાં તમારા નહીં હોય; એ તો અત્યારે આવા વિચાર થયા છે. એમ, એ જીવાત્માના વિચારો અત્યારે ભલે આવા છે, પછી સારા થશે. પણ એક વખત પિતા તરીકેનું એના હૃદયમાં તમારું સ્થાન તો અંકિત થઈ જવું જોઈએ ને. તમારા વર્તનથી તમારી પુત્રીને એમ થાય કે, "આ મારા પિતા! એ મારા ઉપર ખૂબ સ્નેહ-પ્રેમ રાખે છે." શરૂઆતનું આપણું વર્તન એવું હોય કે આપણાં સંતાનોને ઉપરોક્ત વિચારો આવે. પછી ધીમેધીમે ધીમેધીમે એની ભૂમિકા બંધાતી જાય એ મુજબ તેને આગળ વધારાય. બાકી તો, સંતાનોને જો આપણા ઉપર પ્રેમ ઉત્પન્ન ન થાય તો આપણે તેમને જે કંઈ કહીએ એ બધું અવળું જ પડે. એટલે પ્રથમ તો એને આપણામાં સ્નેહ ઉત્પન્ન થવો જોઈએ, આપણામાં મમતા ઉત્પન્ન થવી જોઈએ. એને એમ થાય કે અમુક રીતે હું વર્તીશ તો મારા પિતાજીને નહીં ગમે, એમને દુઃખ થશે. તો, આપણા દુઃખની દરકાર કરે એટલી મમતા તો એને આપણામાં થઈ જાય એવું આપણું પ્રારંભનું વર્તન હોવું જોઈએ. પછી તો, એવું કોણ છે કે જે નુકસાન પસંદ કરે ? જો એક રૂપિયાની અને સો રૂપિયાની નોટ પડી હોય અને આપણે કહીએ કે આ બેમાંથી તું એક નોટ લઈ લે તો એ સો રૂપિયાની નોટને જ પસંદ કરે, એક રૂપિયાની નોટને

ન લે, અને સૌ એમ જ કરે. પાગ જો એને એની કિંમતની ખબર ન હોય તો તે એક રૂપિયાની નોટ પાગ પસંદ કરે. તો, આપાગું કામ, માતાપિતાનું કામ, ગુરુસંતોનું કામ; એમની ફરજ, એમનું કર્તવ્ય શું છે ? એ છે કે એક રૂપિયાની અને સો રૂપિયાની નોટની કિંમત એમને સમજાવી દેવી. પછી એની મેળે જ એ સો રૂપિયાની નોટ લેશે. પછી આપાગે એને કહેવું નહીં પડે, એનો હાથ પકડીને એને સો રૂપિયાની નોટ પકડાવવી નહીં પડે.

દરેક મનુષ્યને પોતે સુખી કેમ થાય, પોતાનું કલ્યાગ કેમ થાય એની ભેવના જરૂર હોય છે; તે એ પ્રમાગે જ વર્તન કરતો હોય છે. જ્યારે ખોટું વર્તન કરતો હોય છે ત્યારે એની સમજાગ ખોટી હોય છે; અને ખોટી સમજાગના કારાગે જ એ ખોટું વર્તન કરતો હોય છે. કોઈને નુકસાન પસંદ નથી, સૌને લાભ જ પસંદ છે. પાગ લાભ શેમાં છે, સ્થાયી લાભ શેમાં છે એની પ્રતીતિ આપાગે તેને કરાવી દેવી જોઈએ, એની ખાતરી આપાગે તેને કરાવી આપવી જોઈએ. બસ, પછી આપાગી ફરજ પૂરી થઈ.

આપાગે આપાગાં બાળકોનું કલ્યાગ થાય એના માટે ખૂબ ખૂબ પ્રયત્ન કરતા હોઈએ અને છતાંય એ અકલ્યાગના માર્ગે આગળ વધે અને આપાગું માને નહીં; એ વખતે પછી આપાગું મગજ બેકાબૂ થઈ જાય, આપાગને એમ થાય કે એ ખોટા માર્ગે જઈ રહ્યું છે, આપાગું બાળક અકલ્યાગના માર્ગે આગળ ધસી રહ્યું છે, મારા આટઆટલા પ્રયત્નો છતાંય તે મારું માનતું નથી ! તો, કાં તો હું એને મારી નાખું અને કાં હું મરી જાઉં! બસ ! આવા વિચારો જે ઘડીએ આવ્યા એ ઘડીએ એ સમજી લેવાનું કે આ મોહ; આનું નામ જ મોહ. હવે ફરજ પૂરી થઈ અને મોહની શરૂઆત થઈ. મોહ અને ફરજ એ બંનેની ભેદરેખા બહુ પાતળી હોય છે. ખૂબ સાવધાન હોય એને જ એ ભેદરેખા ક્યાં છે એની ગતાગમ પડે. આપાગે તો આપાગા બાળકનું કલ્યાગ ઈચ્છતા'તા, તેનું કલ્યાગ થાય એવો પ્રયત્ન આપાગો હતો અને તેથી આપાગે અમુક અમુક રીતે વર્તવાનું તેને કહેતા'તા. પાગ હજી એ બાળક એટલું તૈયાર નહોતું, હજી એ સંસારમાં એટલું લેપાયમાન હતું કે એ આપાગા કલ્યાગકારી વિચારોને ઝડપથી ગ્રહાગ ન કરી શક્યું, અપનાવી ન શક્યું; તેથી એના પોતાના સામાન્ય વિચારો તરફ જ ધસી ગયું. તે વખતે આપાગને મહાદુઃખ થયું અને આપાગે એવા નિર્ણય ઉપર આવ્યા કે હવે એને મારીં નાખું અથવા તો હું મરી જઉં. તો, ત્યાં આપાગે ચૂક્યા. આપાગે તો એનું કલ્યાગ કરવા ઈચ્છતા'તા પાગ હવે કલ્યાગના બદલે "કાં મારું કાં મરું." જેવા વિચારો આવવા લાગ્યા. તો, આ તો અહંકાર ! આપાગે તેના કલ્યાગ માટે થઈને બધું નહોતા કરતા પાગ આ તો આપાગો અહંકાર પોષાતો હતો એટલા માટે આપાગે તેને બધું શિખવાડતા હતા અને એટલા માટે બધો ભોગ આપતા હતા. આપાગો અહંકાર પોષાઈ રહ્યો છે એની ખબર આપાગને ત્યારે જ પડે કે જ્યારે આપાગે તેના કલ્યાગના બદલે તેનું સંપૂર્ગ અકલ્યાગ કરવા માટે તૈયાર થઈ જઈએ. નહીં તો, આપાગે તો કલ્યાગનો પ્રયત્ન કર્યો અને છતાંય એ પ્રયત્ન એમાગે વધાવી ન લીધો તો પછી આપાગે શું કરીએ? આપાગાથી થતું હતું એટલું તો આપાગે કર્યું. આપાગા પ્રયત્નોનું ધાર્યું પરિગામ ન આવ્યું તો કાંઈ નહીં. તે વખતે આપાગે ધીરજ રાખીશું તો અમુક સમય પછી ફરીથી આપાગે તેના કલ્યાગનો પ્રયત્ન કરી શકીશું. જો એય જીવતા હશે અને આપાગેય જીવતા હોઈશું તો કંઈ કરવાનો મોકો આપાગને રહેશે. કાં એને મારી નાખીએ અને કાં આપાગે મરી જઈએ, પછી તો સવાલ જ ક્યાં રહ્યો ?!

તો આમ, મોહ કોને કહેવાય ? ફરજ કોને કહેવાય? બંનેમાં ભેદરેખા ક્યાં છે ? એ ભેદરેખા કેટલી પાતળી છે ? આ બધી વાતો સમજવાના ખૂબ જ પ્રયત્નો કરવા ઘટે. અને એમાંય જે આત્મા-પરમાત્મા, મોક્ષ, કૈવલ્ય ઈત્યાદિ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા મનુષ્યો છે એમાગે તો આવી બધી ઝીગી ઝીગી બાબતોને ખૂબ જ હૃદયંગમ કરવી જોઈએ, તેવી વાતોને સમજવાનો ભગીરથ પ્રયત્ન

કરવો જોઈએ; એવી વાતોનું જીવનમાં કેવી રીતે આચરણ કરી શકાય એને માટે પણ પૂરેપૂરી કોશિષ થવી ઘટે. અસ્તુ.

પ્રેરણાદાયી સત્સંગ (તા. ૧૨-૪-૯૮).

થોડા દિવસ પહેલા ''ધર્મમેઘ''ના બહારના વરંડામાં સત્સંગ ચાલતો હતો. એક માતા અને એમનાં દીકરી, એક પતિ-પત્ની અને બીજા થોડા ભાઈઓ બેઠેલા હતા. તો, જે માતા-દીકરી બેઠેલાં તેમાંથી માતા ઓચિંતાં જ રડવા લાગ્યાં. રડતાં રડતાં અમારી પાસે પોતાનું દુઃખ વ્યક્ત કરવા લાગ્યાં કે - ''બાપુ ! દીકરીનું નાળિયેર પાછું આવ્યું, એનું સગપણ તૂટી ગયું. અમારો કંઈ વાંકગુનો નહીં, અમને કાંઈ કહ્યુંય નહીં અને એમને એમ તોડી નાખ્યું !'' વચ્ચે જ એમને દિલાસો આપતાં અમે કહ્યું કે 'તમે રડો નહીં, છાનાં રહો. ઋણાનુબંધ પ્રમાણે થયે જાય છે. એના ભાગ્યમાં આ ઘર નહીં હોય તો એનાથી વધુ સારું ઘર હશે અને તે એને મળશે.' દીકરીને પણ કહ્યું કે 'તારાં બા તો વૃદ્ધ છે એટલે આ દુઃખને સહન કરી ન શકે પણ તું તો યુવાન છે, તારે તો બરાબર તૈયાર રહેવાનું છે. તારે તારાં બાને પણ હિંમત આપવાની છે.' પછી મા-દીકરી બંનેને સંબોધીને કહ્યું કે તમારી બાજુમાં જે પતિ-પત્ની બેઠાં છે એ કેટલાં દુખિયારાં છે એ તમને ખબર છે ?! અમે લગભગ પંદર-વીસ વર્ષના હોઈશું ત્યારે એ અમને મળ્યાં હતાં, તે અત્યારે આ સિત્તેર વર્ષની ઉંમરના અમે થયા ત્યારે મળવા આવ્યાં છે; વચ્ચેના સમયગાળામાં એ અમને મળ્યાં નથી. એમને પણ અનેક પ્રકારનાં દુઃખો છે એ અમે સાંભળેલું. માદીકરીને આટલી વાત કહી અમે એ ભાઈને પૂછ્યું કે - કેમ ભાઈ ! તમારે કેટલાં સંતાનો છે ? તો, ભાઈ બિચારા ઢીલા ઢીલા થઈ ગયા અને કહે કે ''પાંચ દીકરીઓ. અને એ દીકરીઓની વ્યવસ્થા કરવામાં જ મારાં પત્ની બીમાર થઈ જાય છે; તેઓ કેટલાય પ્રકારના રોગથી ઘેરાઈ ગયેલાં છે.'' એમની વાત સાંભળી અમે કહ્યું કે, હા ભાઈ ! અમને ખબર જ છે પણ આ તો આ બેનને (માતાને) ખબર પડે કે ''ઘેર ઘેર માટીના ચૂલા છે'' એટલે તમને પૂછ્યું.

જગતમાં સુખિયા કોઈ નથી. થોડુંકેય સુખ સાચી સમજણમાં રહેલું છે અને સાચી સમજણ જ મનને થોડું વાળી શકે છે. સૌ પોતપોતાનાં અનેક દુઃખો લઈને આવતા હોય છે. કોઈ કહેશે અમારે પત્ની નથી, તો કોઈ કહેશે અમારે પુત્રો નથી, તો કોઈ કહેશે અમારે સંતાન જ નથી. જેમને પુત્રો ન હોય એમને અમે કહીએ કે તમારે પુત્રીઓ તો છે ને?! પુત્રીઓ છે, પતિ છે. જેને સંતાન જ ન હોય એને અમે દિલાસો આપીએ કે તમારે પત્ની તો છે ને ?! તમારે જીવનભરનો સહારો તો છે જ. પછી શા માટે હરેરી જાઓ છો. તમે અમારી પાસે આવ્યા છો તો અમારા જીવનને જુઓ. અમારે પુત્રેય નથી ને પુત્રીય નથી ને પત્નીય નથી; અમે સાવ એકલા જ છીએ. અમારે કોની પાસે ફરિયાદ કરવા જવું. અમને કોણ દિલાસો આપશે ?

મનુષ્યે સાપેક્ષ રીતે વિચાર કરવો ઘટે. સાપેક્ષ રીતે વિચાર કરો એનું નામ જ સાચી સમજણ. સાચી સમજણની પ્રાપ્તિ થાય એટલે પૂરેપૂરાં સુખસગવડ આવી જ જાય એવું નથી. પણ જેટલાં શક્ય હોય એટલાં સુખશાંતિ સાચી સમજણ દ્વારા જ પ્રાપ્ત થાય છે, એ સિવાય કદી નથી થતાં. બાકી તો, અજ્ઞાનતાના કારણે અતિ મોટાં દુઃખો જ ભોગવવાનાં હોય છે. સાવ નાનું દુઃખ હોય એ પણ અતિ મહાન વિકરાળ થઈ જાય છે, શેના કારણે ? અજ્ઞાનતાના કારણે, ખોટી સમજણના કારણે, ખોટી રીતે વિચારવાના કારણે. તો, આ સત્સંગનો ટુકડો ખૂબ જ પ્રેરક હતો. આમ તો સત્સંગની એકે એક વાત ખૂબ જ પ્રેરણાદાયી હોય છે, પણ અમુક અમુક વાતો આ રીતે ટેપ થાય છે અને એ રીતે તમને સૌને વાંચવા મળે છે. અસ્તુ.

સાચી સમજણ એટલે આપણાથી જેઓ વધુ દુઃખી હોય એના તરફ લક્ષ આપીને, એને અવલોકી અવલોકીને આપણે આપણને પોતાને સધિયારો આપતા રહીએ, આપણને પોતાને આશ્વાસન આપતા રહીએ; કે

પેલા ભાઈ તો, કે પેલાં બેન તો, કે પેલું કુટુંબ તો આપણા કરતાં કેટલું બધું વધુ દુઃખી છે ; એના કરતાં તો આપણે સુખિયાં છીએ જ ને. આપણાથી વધુ સુખિયાં હોય એમને જોઈજોઈ અને આપણે હરેરી જઈએ એમ નહીં. પરંતુ આપણાથી વધુ દુખિયાં હોય એને જોઈજોઈને આપણે હિંમત ન હારીએ એનું નામ સાચી સમજણ કહેવાય. અસ્તુ.

પ્રેરણાદાયી પત્રાંશ

જોરસિંહગઢ
તા.૨૮-૯-૯૮

પરમ પૂજ્ય શ્રી યોગભિક્ષુજી મહારાજના
ચરણકમળોમાં ૐ નમોનારાયણાય.

"રુતમ્ભરા" નિયમિતરૂપે મને ઘણા વખતથી મળે છે. એ રીતે નીચેની જગ્યાએ જો મળશે તો અમને ઘણો આનંદ થશે. અને ઘણા ભક્તો-સેવકો તેનો લાભ લેશે.

.....ટૂંક સમયમાં ઉપર આપેલા સરનામે સૌરાષ્ટ્રમંડળના મહાત્માઓની ધર્મસભા મળવાની છે. તે સમયે ધર્મસભાના ૧૬ મહાત્માઓ, ૧૦ ભક્તો અને ૧૦ સ્વયંસેવકોને આપના સુંદર મોટા ફોટાઓ અને ૐ મોકલવા વિનંતી છે.

તે સ્થાનના મહંત શ્રી કાશ્મીરીબાપુએ તેમના ભંડારા માટે રૂપિયા..... આપ્યા છે. તેઓ મરણની તૈયારી કરી રહ્યા છે. તેમની આશ્રમ સહિત સઘળી મિલકત પણ સૌરાષ્ટ્રમંડળને અર્પણ કરીને માયાથી તદ્દન મુક્ત થઈ ગયા છે, એટલે તેમને ત્યાં આ ધર્મસભા ગોઠવવામાં આવેલ છે. તે વખતે તેમનું છેલ્લે છેલ્લે ભાવભીનું સન્માન પણ ગોઠવેલ છે. તે અનુપમ પવિત્ર પ્રસંગે આપના આશીર્વાદ સુંદર રીતે આપના ભવ્ય ફોટા સાથે મોકલવા વિનંતી છે. આ ઉપરાંત આપની કોઈપણ પ્રકારની પ્રસાદી સૌને મળે તેવી અપેક્ષા સાથે.

"રુતમ્ભરા"માં આગળ આપનો ફોટો ઘણા સમયથી આવે છે. તો, હવે ત્યાં અત્યારનો ફોટો મૂકવામાં આવે તેવી વિનંતી.

શેષ આપના આશીર્વાદની અપેક્ષા સાથે,
આપનો,
સ્વામી અક્ષરાનંદ સરસ્વતી
યોગાશ્રમ, જોરસિંહગઢ, પો. પાલીતાણા.

કે. સી શાહ
અમેરિકા

પ્રાતઃસ્મરણીય, પરમપૂજ્ય શ્રી ગુરુ,
સાષ્ટાંગ દંડવત્ - સાદર પ્રણામ.

આપશ્રી દ્વારા 'સત્‌સાહિત્ય પ્રચાર-પત્રિકા' સહર્ષ મળી. અનેકવિધ ભાવોર્મિઓથી સ્વીકારી. આનંદિત થયો-થયાં. ભાવ-પ્રેમ સહિત હાર્દિક આમંત્રણ-નિમંત્રણ સ્વીકારીએ છીએ; પરંતુ પ્રત્યક્ષ નહીં, પરોક્ષ રીતે. અસ્તુ.

સત્‌સાહિત્ય ઘણું જ ગમ્યું. આવકાર્ય અને આચરવા યોગ્ય છે. પણ ભેંસની આંખે (પૈસા-ધનની આંખે) ડાબડા છે તેનું શું ??? કોઈ (આજે) વાંચવા-સાંભળવા (જ) તૈયાર નથી. અજ્ઞાની સમજતો નથી, જ્ઞાની સમજી આંખ આડા કાન કરી પોતાની દુનિયા-મસ્તીમાં ફરે છે. કોઈને જીવન એટલે શું એ ખબર જ નથી અને રાખવી પણ નથી. છતાં પ્રયત્નોના પુરુષાર્થે પ્રભુ (કાંઈક) તો કરશે (જ).

ખેર! આપશ્રીની આધ્યાત્મ-અશરીર-યાત્રા મારા જેવા અજ્ઞાનીને આકર્ષે છે. સાદર પ્રણામ.

અધ્યાત્મ માર્ગનાં ત્રણ સોપાન :

(૧) **ક્રિયાકાંડ** - જે આપશ્રી કરી ચૂક્યા છો -

(૨) **ઉપાસનાકાંડ** - જેમાં ઘણા જ અગ્રેસર છો-

(૩) **જ્ઞાનકાંડ** - જેમાં અશરીરયાત્રાથી નિજાનંદ માનો-માણો છો. એટલું જ નહીં - મારા જેવા ઠોઠને સંકેત-સાંકેતિક કરો છો, કરી રહ્યા છો (પ્રતિ વર્ષે). શુભમસ્તુ.

અંતે મારી અંતઃ અભ્યર્થના એ જ કે આપશ્રી આધ્યાત્મનું અંતિમ શિખર-પરમપદ, જે સૂર્યથી પર છે તે (પાર) પ્રાપ્ત કરો અને સૌ હિતેચ્છુઓને એનો પરમાનંદ પાઓ, સહભાગી બનાવો... પ્રભુ પ્રાર્થના...

બીજું તો શું લખું ?

આપશ્રીના સુવિચારોને + સદાચારને પરમપિતા પરમેશ્વર દિન દુગુના ઔર રાત ચૌગુના બનાવે.

ઓમ્..... અસ્તુ.

લિ. આપનો વિશ્વાસુ,
કૃષ્ણદાસ શાહ.

ધીરુભાઈ સરૈયા
અમદાવાદ.
તા. ૧૬-૧૧-૯૮

(૧)... સંપૂર્ણ મૌલિક એવો 'અભિષેક યજ્ઞ' ૧૦-૧૧-૯૮ના રોજ યોજાયો તેના શુભ સમાચાર -

પરમ પૂજ્ય યોગભિક્ષુજીએ મને તેમની પ્રેરણા થકી તા. ૧૪-૧૧-૯૮ના રોજ બોલાવીને તેમના શુભ હસ્તે 'અભિષેક મંત્ર'ની કેસેટ સંભળાવીને મને ધન્ય કરી દીધો!!

તે 'અભિષેક મંત્ર'ની મધુર, પવિત્ર અને ગુહ્ય શક્તિના શબ્દોનો ગુંજારવ મારા કાનમાં થયા કરે છે ; તેમાં મારા ગુરુદેવની કૃપાનું અવતરણ સમજું છું.

(૨) **મારા મૌલિક વિચારો** :- તા. ૧૦-૧૧-૯૮ને રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ અને તેના સૂક્ષ્મ પરમાણુઓ ક્યાં ક્યાં પહોંચી ગયા!!!!!

તા. ૧૧-૧૧-૯૮ના રોજ આપણા વૈજ્ઞાનિકોએ પરમાણુ પરીક્ષણ કરીને ભૂગર્ભ આણુ-ધડાકો કર્યો જેની ગુંજ વિશ્વ આખાને સ્તબ્ધ કરી ગઈ છે. આપણને-ભારતને છદ્મ પરમાણુ દેશનો દરજ્જો હાંસલ થયો તેથી પાંચેય મહાસત્તા દેશોનાં નાકનાં ટેરવાં ઊંચાં થઈ ગયાં. જો કે હું આને રાજકીય રીતે નથી જોતો પરંતુ પૂજ્ય ગુરુદેવની કૃપાથી આધ્યાત્મિક-સૂક્ષ્મ નજરે નિરીક્ષણ કરી રહ્યો છું, જે નીચે મુજબ છે :

(૩) 'અભિષેક યજ્ઞ'ની પૂર્ણાહુતિ થઈ તેના બીજા દિવસે સોમવારે (તા. ૧૧-૧૧-૯૮) સારાયે વિશ્વમાં ભારત માટે કેવું ઊંચું સ્થાન થયું તે ભાગ્યે જ લખવાનું હોય. મને તેની નવાઈ પણ નથી લાગતી ! કારણકે -

રાજસ્થાનના પોખરણ જેવી એક અજાણ જગ્યાએ, ઘણા થોડા સમય માટે થયેલ આણુધડાકાની ગરમીની અસર, છેક આપણા અમદાવાદના એરકંડિશન રૂમોમાં અનુભવાતી હોય અને એ ગરમીથી આપણે ત્રાહિમામ થઈ જઈએ - તો પછી આપણા ગુરુદેવે શોધેલા મૌલિક મંત્રના અભિષેક યજ્ઞની અસરો સારાયે વિશ્વને અસર કરે. તો તે કંઈ મોટી વાત છે ??.....

પ્રણવ પ્રભુજી ઓમ્, પૂજું ચરણો તમારા;
આદ્યગુરુજી ઓમ્, અર્ઘ્ય સ્વીકારો અમારા.
ઓમ્ સમર્પયામિ....

ધીરુભાઈ સરૈયાના જયનારાયણ.

લેસર ટાઈપસેટીંગ :-
જનકી ગ્રાફીક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ, ૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી, રન્નાપાર્ક,
અમદાવાદ-૬૧. ફોન :- ૭૪૧૪૬૬૬

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने कराववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लाववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No. 48770/90
L-5/131/QTY./34/90-91

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ. પૂ. ગુરુદેવ શ્રી યોગત્રિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at: Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March 2000

To,

LM-302 NV
BHAUMIK CHANDRAVADAN VYAS H
3, GANGADHAR SOCIETY
B/H, RAMBAUG, OPP. SARDAR PATEL SCHOOL,
MANINAGAR,
AHMEDABAD

Pin Code

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ---------- રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય (") ---------- રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ---------- ૧૨ $
આજીવન સભ્ય (") ---------- ૧૦૧ $

લવાજમ મોકલવાનું સ્થળ :-

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા " ઓ. પ્રે. પ. ટ્રસ્ટ " ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) " રુતમ્ભરા " ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગત્રિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.